## જન્મદિને વધામણી



**એસ આર લેઉવા**
ફોન : ૨૩૨૨૫૫૭૦
મો. ૭૮૦૨૦ ૨૦૯૯૭



**ગણપતભાઈ નારણભાઈ પરમાર**
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮



**જિજ્ઞેશ એચ વ્યાસ**
મો. ૯૮૨૪૦ ૬૩૪૫૯



**સતિષ ટી પટેલ**
ડિરેક્ટર, ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.



**જીહાન મેહુલભાઈ મણિયાર**
મો. ૯૮૨૪૦ ૪૧૭૧૨

## પુસ્તકપ્રાપ્તિ

વિતેલા માસ દરમ્યાન 'ગાંધીનગર સમાચાર'ને નીચે મુજબનું પુસ્તક પ્રાપ્ત થયું છે, જે સાભાર સ્વીકારવામાં આવે છે.




**કોના બાપની હોળી !**
**હાસ્યલેખ સંગ્રહ**
**લેખક : નિરંજન ત્રિવેદી**
**પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ**
**પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ**
**કિંમત : રૂા.૨૦૦**

# અમે દુકાન ખોલી છે અને વિદ્યાર્થીઓ અમારી પ્રૉડક્ટ છે




'માણસ ૧૫-૨૦ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરે પછી એ માણસ નથી રહેતો પણ માણસ મટીને પોપટ બની જાય છે અને એ માટે કારણભૂત છે આપણી શિક્ષણપ્રથા.' આ મતલબની વાત 'તમે વિદ્યાર્થી છો કે પોપટ !' એ પુસ્તકમાં લેખક યોગેશ વ્યાસ દ્વારા કરવામાં આવી છે.

તેમણે આ પુસ્તક માતા-પિતા, કેટલાક સારા શિક્ષકો અને બધા જ વિદ્યાર્થીઓને સમર્પિત કર્યું છે. પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં લખાણ સાથે કાર્ટૂન આપવામાં આવ્યાં છે. આ કારણે પુસ્તક આકર્ષક બન્યું છે.

કાર્ટૂન ખરે જ અસરકારક છે. ક્યાંક તો એવું પણ બને છે કે લખાણ પર નજર ટકતી નથી પરંતુ કાર્ટૂન જોવા માટે ચોક્કસ રોકાઈ જાય છે. પુસ્તકનું લખાણ પણ વ્યંગથી ભરેલું છે ને આજની શિક્ષણપ્રથા પર એમાં કચકચાવીને ચાબખા મારવામાં આવ્યા છે.

આ પુસ્તકનાં કાર્ટૂન તો ઉપર આપ્યાં જ છે, અહીં કેટલાંક લખાણ પણ જોઈએ :

- જે બુદ્ધુને પ્રૉફેશનાલિઝમ અને કમર્શિયાલિઝમ વચ્ચેનો ભેદ નથી ખબર એ સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ ચલાવે છે.
- નવી શિક્ષણ પદ્ધતિમાં કૉલેજ અને યુનિવર્સિટી માટે કડક ગાઈડલાઈન્સ હોવી જોઈએ. ફી નિર્ધારણ કરતી વખતે જે વિષયો છે તેના આધારે, કોર્સની લંબાઈના આધારે ફી નિર્ધારિત થવી જોઈએ.
- બૉર્ડમાં વિદ્યાર્થી જોડે સીધા સંપર્ક કેળવવા અનુભવી અને સારા સ્વભાવવાળા શિક્ષકો તૈયાર કરવા જોઈએ.
- 'અમે દુકાન ખોલી છે અને વિદ્યાર્થીઓ અમારી પ્રૉડક્ટ છે.'
- આ દેશમાં રિસર્ચ ન થઈ શકવાનું કારણ જ એ છે કે અહીં જે ભણાવાય છે એના પર વિચાર કરવાનો ટાઈમ જ નથી મળતો.
- નોકરી માટે ભણાવવું અને ભણવું એ વિચારશીલતાને નષ્ટ કરે છે.
- બૉર્ડનો વિદ્યાર્થી મલ્ટીનેશનલના ઓફિસર કરતાં વધુ ટૅન્શનમાં જીવે છે !
- યુવાનો આજકાલ ભવિષ્યમાં શું કરવું એની ગડમથલમાં અને કન્ફ્યુઝનમાં જીવે છે.
- બૉર્ડની પરીક્ષાઓ વિદ્યાર્થીઓ કરતાં ટ્યુશનિયા શિક્ષકોને વધુ ફાયદો પહોંચાડે છે.
- દરેક વિદ્યાર્થીને એ અધિકાર હોવો જોઈએ કે એ લખાવી લે કે અમુક ટકાથી ઓછું પરિણામ આવ્યું તો એની જવાબદારી ટ્યુશનિયા શિક્ષક કે સૅલ્ફ ફાઈનાન્સ શાળાની રહેશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
અઝહર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૩.૪૫, ૯.૪૫
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૧૫, ૩.૦૦, ૯.૪૫
ચુડેલ સ્ટોરી (એ)
૫.૪૫, ૭.૪૫

**સ્ક્રીન-૫**
૧૯૨૦ લંડન
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
વન નાઈટ સ્ટૅન્ડ (એ)
૭.૦૦
અઝહર
૧૦.૦૦

# નીટ મામલે કેન્દ્રએ રાજ્યોની બેઠક યોજી

ગાંધીનગર, તા. ૧૭


નીટ મામલે કોર્ટના નિર્ણય અંગે કેન્દ્રએ રાજ્યોના આરોગ્યમંત્રીઓ સાથે સોમવારે જ બેઠક યોજી હતી અને આ મામલે શું થઈ શકે તેની ચર્ચા કરી હતી. આરોગ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, માતૃભાષામાં જ પરીક્ષા યોજાય તેવી પણ રજૂઆત કરવામાં આવી છે. ૨૦ જેટલા રાજયોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા જેમણે નીટનો હાલ અમલ નહીં કરવા સંમતિ દર્શાવી હતી. કેન્દ્રીય આરોગ્યમંત્રી જે.પી. નડ્ડાએ બેઠક બાદ કહ્યું હતું કે નીટ અંગે ભવિષ્યનો નિર્ણય ટૂંક સમયમાં લેવાશે. પણ પરીક્ષા અચાનક લેવામાં આવે તેની સામે ઓર્ગેનાઈઝેશન દ્વારા અસહમતિ દર્શાવવામાં આવી હતી.

સમાચાર એ છે કે ઓર્ગેનાઈઝેશનના પદાધિકારીઓ અને કેન્દ્રીય આરોગ્યમંત્રી વચ્ચે ચાલેલી આશરે પોણા કલાકની ચર્ચામાં નીટની પરીક્ષા પ્રાદેશીક ભાષામાં લેવાય તે માટેનો પણ નિર્ણય લેવાઈ ચૂકયો છે. આગામી એક વર્ષની અંદર દેશની આઠ પ્રાદેશીક ભાષામાં નીટની પરીક્ષા યોજાય તે માટે સિલેબસને ભાષાંતરીત કરવા કેન્દ્રીય આરોગ્યમંત્રીએ તૈયારી બતાવી છે. નીટની પરીક્ષાનો કોર્સ તૈયાર કરવા રાજ્યોને ૬થી ૧૨ મહિનાનો સમય આપવામાં આવશે. મેડિકલ ભાષાની ટર્મિનોલોજી અઘરી હોવાથી પરીક્ષાનું પ્રાદેશિક ભાષામાં મોડેલ તૈયાર ન થઈ શકે તો એક વર્ષનો વધુ સમય આપવા સરકારે નિર્ણય કર્યો છે. ધોરણ ૧૨ સુધી પ્રાદેશિક ભાષામાં અભ્યાસ કરતા વિદ્યાથી માટે ફકત બે મહિનામાં નીટની તૈયારી કરવાનું કામ અઘરું હતું. તેમજ વિદ્યાથીઓ તેના સિલેબસથી પણ અજાણ હોવાથી આ નિર્ણય વિદ્યાથીઓના હિતમાં લેવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેર અને ગામડાંમા વસતા વિદ્યાર્થીઓના આઈક્યુ વચ્ચે પણ ભારે તફાવત છે. આવી પરિસ્થિતિમાં ગામડાનો વિદ્યાર્થી પણ આ પરીક્ષામાં ભાગ લઈ શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# ગુણવંત શાહને સાહિત્ય રત્ન ઍવૉર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૧૭

'અહંકાર બહુ નિંદનીય બાબત નથી, પણ મનાય છે. જેવી રીતે ગુડ અને બેડ કોલેસ્ટ્રોલ હોય છે, એવી રીતે સારો અને ખરાબ ઈગો પણ હોય છે. ચર્ચિલમાં અહંકાર ન હોત તો વિશ્વયુદ્ધ ન જીતાયુ હોત. સરદારમાં જો એ ઈગો ન હોતો તો રજવાડાઓ ઓછા માન્યા હોત! મોરારજી દેસાઈમાંથી અહંકાર બાદ કરો તો કશું ન બચે': આ શબ્દો છે જાણીતા નિબંધકાર, વિવેચક અને વિચારક પદ્મશ્રી ગુણવંત શાહના. તેમને સોમવારે ટાગોર હોલ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રથમ સાહિત્ય રત્ન એવોર્ડ એનાયત કરાયો હતો. તેમણે કહ્યું કે, 'મને એવોર્ડ મળ્યો એમાં મારો ઈગો પોરસાયો. મને એ સત્તર વાર ગમ્યું અને અકાદમી સ્વાયત્ત ન હોય તો'ય ગમ્યું.' આગળ તેમણે કહ્યું કે, 'ભર્તુહરીનો એક શ્લોક છે કે, 'જે રાજ્યમાં કવિઓની કદર નથી એ રાજાની જડતાને કારણે છે, બાકી કવિઓ તો અર્થ વિના પણ ઐશ્વર્ય ભોગવનારા છે. સરકારને આ જ કામ કરવાનું હોય. તેથી હું પ્રણિપાતપૂર્વક એવોર્ડનો સ્વીકાર કરું છું અને કદી પાછો આપવાનો નથી.' સમારોહમાં ગુણવંત શાહ લિખિત અને સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત પુસ્તક 'નવનીતમ'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધ્યક્ષસ્થાને રહેલાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કહ્યું હતું કે, 'કોઈ પણ સરકાર આપવા ખાતર એવોર્ડ નથી આપતી. એની પાછળ લાખો યુવાનો અને ભાવકો સુધી પ્રેરણા પહોંચાડવાનો હેતુ હોય છે.' ગુણવંત શાહને વિચાર યજ્ઞના આચાર્ય ગણાવીને એવોર્ડ એનાયત કરતા મોરારી બાપુએ કહ્યું હતું કે, 'વિનોબાજી આચાર્યના ત્રણ લક્ષણો ગણાવતા, નિર્ભય, નિષ્પક્ષ અને નિર્વેર. આ ત્રણે લક્ષણો ઉપરાંત તેમનામાં સુવિચાર, સદવિચાર,



સમ્યક વિચાર, સામો વિચાર અને સ્વ વિચારના લક્ષણો દેખાતા હોવાથી હું તેમને વિચાર યજ્ઞના આચાર્ય કહુ છું.' ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ પૂર્વ ભૂમિકા બાંધતા કહ્યું હતું કે, 'આજે લગભગ આખું ગુજરાતી સાહિત્ય જગત અહીં બેઠું છે, કારણ કે ગુણવંત શાહના સન્માનનો દરેક ગુજરાતીને હરખ હોય.' અતિથિ વિશેષ તરીકે યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી નાનુભાઈ વાનાણી, કેબિનેટ મંત્રી નીતિન પટેલ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ દક્ષેશ ઠાકર હાજર રહ્યા હતા. ઉપરાંત રઘુવીર ચૌધરી, વિનોદ ભટ્ટ, રાજેન્દ્ર પટેલ, માધવ રામાનુજ, ચિનુ મોદી, રજનીકુમાર પંડ્યા, સતીષ વ્યાસ તેમજ સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી વગેરે હાજર રહ્યા હતા.

પદ્મ શ્રી ગુણવંત શાહે આનંદીબેન તરફ પોતાનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, 'કાલે કે પરમ દિવસે કદાચ આનંદીબેન મુખ્યમંત્રી નહિ હોય તો પણ મારા માટે એ આનંદીબેન જ રહેશે. મારી બા એક પાણીદાર પટલાણી હતી અને મને આનંદીબેનમાં મારી બા દેખાય છે. જે સ્ત્રી અમુક પુરુષને મચક નથી આપતી તે પુરુષ કાયમ માટે એનો વિરોધી બની જાય છે. દ્રૌપદીનો ગુનો એ જ હતો કે તે તેજસ્વિની, ઓજસ્વિની હતી.

# બી. કોમ. સહિત આઠ કોર્સમાં પ્રવેશ માટે ફોર્મ-પીન વિતરણનો આરંભ

## પહેલું પ્રોવિઝનલ મેરીટલિસ્ટ તા.૧૩મી જૂને બહાર પડાશે જેના આધારે ફાઈનલ મેરીટલિસ્ટ ૧૫મી જૂને જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત યુનિ. દ્વારા મંગળવારથી સાયન્સ સિવાયના કોમર્સ અને તેને સંલગ્ન તમામ અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

અંદાજે ૩૫ હજાર જેટલી બેઠકો માટે ફોર્મ અને પીન વિતરણ કરાશે. મોક રાઉન્ડ પુરા થયા બાદ વિદ્યાર્થીઓને ફાઇનલ કોલેજની ફાળવણી ૨૫મી જૂને જાહેર કરાશે. જેના આધારે પહેલી જુલાઈથી કોલેજોમાં અભ્યાસક્રમનો પ્રારંભ કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ ઈન્ટર ચેન્જ એટલે કે સાયન્સમાંથી કોમર્સ અથવા તો કોમર્સમાંથી આર્ટસ કે અન્ય કોઈપણ શાખામાં જવા ઈચ્છતા હોય તેમણએ બ્રિજ કોર્સ કરવાનો રહેશે. યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે પણ કોમર્સ, બીબીએ,બીસીએ, એમબીએ, એમસીએ ઈન્ટીગ્રેટેડ, એમએસસી આઈ.ટી., લૉ ઈન્ટીગ્રેટેડ સહિતના અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશનો આરંભ કરવામાં આવ્યો છે. તા.૧૭મીથી તા.૪ જૂન સુધી ખાનગી બેંકની ૪૨ બ્રાન્ચો પરથી પીનનંબર અને બુકલેટનું વિતરણ શરૂ કરવાનો કાર્યક્રમ હતો જેનો આરંભ થઈ ચૂક્યો છે.

વિદ્યાર્થીઓ તા.૨૩મી મેથી ૯ જૂન દરમિયાન ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. કઈ કોલેજમાં કેટલી બેઠકો ખાલી છે તે અંગેની માહિતી એટલે કે સીટમેટ્રીક્સ તા.૨૮મી મેના રોજ જાહેર કરવામાં આવશે. પહેલું પ્રોવિઝનલ મેરીટલિસ્ટ તા.૧૩મી જૂને બહાર પાડવામાં આવશે. જેના આધારે ફાઈનલ મેરીટલિસ્ટ ૧૫મી જૂને જાહેર કરાશે. તા.૨૩મીથી ૯મી જૂન દરમિયાન મોકરાઉન્ડ યોજાશે. મોકરાઉન્ડનું પરિણામ ૧૮મી જૂને જાહેર કરાશે. મોક રાઉન્ડમાં વિદ્યાર્થીઓને જે કોલેજ મળી હોય તેમાં ફેરબદલ કરવા ઈચ્છતાં હોય તો તા.૨૦મીથી ૨૨મી જૂન દરમિયાન કરી શકાશે. ૨૫મી જૂને ફાઈનલ કોલેજ એલોટમેન્ટ કરી દેવાશે. ઈન્ટીગ્રેટેડ લૉ માટે પણ ઓનલાઈન પ્રવેશ કરવામાં આવશે.

# એક નાની ચાવી : સંબંધો વિકસાવવા અને નિભાવવાની




vamlani2000@yahoo.co.uk

એક આર્થિક સંસ્થાનની શાખાના મેનેજર લગભગ ત્રિસેક કિલોમીટરનું અંતર કાપીને કારમાં ઓફિસે જતા હતા. કાર ડ્રાઈવર ચલાવતો હતો. પોતે પાછળની સીટમાં બેઠા હતા. હાઈવે ઉપર અચાનક તેમની કાર અન્ય વાહન સાથે અથડાઈ. કારને થોડું નુકશાન થયું. મેનેજરને કપાળમાં થોડો મુંઢ માર વાગ્યો અને સોજો આવી ગયો પણ શાખામાં સમયસર ફરજ ઉપર આવી શક્યા. શાખામાં આવીને એક-બે સહકર્મચારીઓને પોતાને થયેલા નાના અકસ્માતની વાત કરી. કપાળમાં લાગેલા મુંઢ મારને કારણે દુખાવો થતો હતો એટલે ''પેઈન કિલર'' લીધી અને કામે વળગ્યા. બે-ત્રણ કલાક પછી શાખાનાં એક સ્ત્રી સહકર્મચારી ભોજન માટે ઘરે ગયેલાં તે મેનેજર માટે ''આઈસ પેક'' લાવ્યા. કપાળમાં જ્યાં મુંઢ માર વાગ્યો હતો ત્યાં ''આઈસ પેક'' ઘસવાનું સૂચન કર્યું, જેથી કરી ને દુખાવો ઓછો થઈ જાય અને સોજો પણ ઉતરી જાય. મેનેજરે સૂચનનું પાલન કર્યું અને બે ત્રણ કલાકમાં ''આઈસ પેક''ની સારી એવી અસર થઈ. મેનેજરને એ સ્ત્રી કર્મચારી સાથે બિલકુલ ઔપચારિક સંબંધો જ હતા છતાં તેમના માટે માટે ઘેરથી ''આઈસપેક'' લાવ્યાં અને મેનેજરના દર્દના ભાગીદાર બન્યાં. મૅનેજરને અચરજ પણ થયું અને ખુશી પણ થઈ. આ ઘટના પછી મેનેજરે પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે એ બહેન કોઈપણ સહકર્મચારીને જરૂર પડે ત્યારે સહકાર આપે છે, મદદ કરે છે, એ પણ કોઈના કહ્યા વિના અને કોઈ પણ જાતની અપેક્ષા વિના.

પોતાના સહકર્મચારીનું નાનું એવું કાર્ય, તેમની મદદ કરવાની ભાવના, તેમની નાની એવી હરકત દ્વારા કોઈના દુ:ખના ભાગીદાર થવાની ખેવના મેનેજરના હૃદયને સ્પર્શી ગઈ. નિ:સ્વાર્થ ભાવે સહકર્મચારીએ કરેલી મદદની નાની એવી ઘટનાથી મેનેજર એટલા પ્રભાવિત થયા કે જ્યાં પણ તેમને તક મળી ત્યાં આ ઘટનાની લોકોને વાત કરી, ક્યાંક આ ઘટનાનાં ઉદાહરણો આપ્યાં અને પોતે જ્યારે તાલીમ માટે ગયા ત્યાં પણ પોતાના આ અનુભવનું એક યાદગાર પ્રસંગ તરીકે વર્ણન પણ કર્યું.

ઘટના બહુ નાની હતી. કાર્ય બહુ મોટું ના હતું. પણ એક નાનું કાર્ય કોઈપણ વ્યક્તિના જીવનને કેટલું સ્પર્શી જાય એનો આ દાખલો છે. કોઈ પણ બદલાની ભાવના વિના, કોઈના પણ કહ્યા વિના, કોઈને કરેલી મદદ, માનવીય લાગણીને કેટલી ઝંકૃત કરી જાય છે તેનું આ એક સાચુકલું ઉદાહરણ છે.

અક્ષરધામ, ગાંધીનગર ખાતે સન ૨૦૦૪ માં યોજાયેલા '' સુવર્ણ બાલ મહોત્સવ'' કાર્યક્રમમાં તે સમયના રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામ ઉપસ્થિત રહ્યા હતા. ડો. કલામ આ પ્રસંગને ટાંકતા લખે છે કે આંતરરાષ્ટ્રીય કક્ષાનો આ કાર્યક્રમ પૂરો થયો પછી મંચ ઉપરથી પ્રમુખસ્વામીની રજા લઈ સાધુ બ્રહમવિહારીદાસજી સાથે પોતે દૂર ગાડીના કાફલા તરફ જઈ રહ્યા હતા. મંચથી ગાડી સુધીનું અંતર લગભગ બસો મીટર હતું. ત્યાં સુધી તેઓ ચાલીને ગયા. ગાડીમાં બેસતા પહેલાં ડો. કલામે અક્ષરધામની એક ઝલક નિહાળવા પાછળ વળીને જોયું તો પ્રમુખસ્વામી પોતે પગે ચાલીને ગાડી સુધી આવતા હતા. સાનંદાશ્ચર્ય સાથે ડો. કલામે સ્વામીજીને પુછ્યું કે તેઓ આટલે દૂર સુધી પગે ચાલીને કેમ આવ્યા ? પ્રમુખસ્વામીએ જવાબ આપ્યો કે તમે તો આટલે બધે દૂર છેક દિલ્હીથી મારે માટે આવ્યા. ડો. કલામ લખે છે કે એ સમયે, એ ક્ષણે પોતે એકદમ ભાવુક થઈ ગયેલા અને તેમની આંખો પણ અશ્રુભીની થઈ ગઈ હતી. આ પ્રસંગ ડો. કલામ ના હૃદયમાં કોતરાઈ ગયો અને તેમનું પ્રમુખસ્વામી પ્રત્યેનું સન્માન વધી ગયું.

માનવીય સંબંધોમાં નાની નાની હરકતો, નાની નાની ક્ષણો ખૂબ જ મહત્ત્વની બની જતી હોય છે.

અકસ્માતને કારણે શાખા મેનેજરને દુ:ખાવો થતો હતો તેના માટે ''આઈસપેક'' લાવીને તેનો દુ:ખાવો હળવો કરવા માટે સહકર્મચારીએ મદદ કરીએ તે મેનેજરને સારું લગાડવા માટે ન હતું પણ એક સહકર્મચારી તરીકેની લાગણી, એક માનવીય ફરજ અને એક પ્રેમભાવ હતો જે વ્યકત થયો હતો. આ લાગણી, માનવીય ફરજ અને પ્રેમભાવ વ્યકત કરવાની રીત પણ એકદમ સાદી અને સરળ હતી. એ ક્ષણે મનેજરની જે જરૂર હતી તે માગ્યા વિના અચાનક મળ્યું એટલે તેને સ્પર્શી ગયું. એ ક્ષણ જીવનભર યાદ રહી ગઈ.

એવું જ પ્રમુખસ્વામીનું. બ્યાસી વર્ષની ઉંમરે કોઈના ટેકા વિના બસો મીટર ચાલીને ડો. કલામને વિદાય આપવા જવું એ વાત, એ કાર્ય, એ હરકત નાની હતી પણ ડો. કલામના હૃદયને એટલી સ્પર્શી ગઈ કે આ ઘટનાનો તેમણે પોતાના પુસ્તકમાં પણ સારી રીતે ઉલ્લેખ કર્યો.

આ બંને પ્રકારનાં કાર્યોમાં સૌથી મહત્ત્વની વાત એ હતી કે તેમાં કોઈ દંભ ન હતો. કોઈ જ પ્રકારનો દેખાડો ન હતો. સામેની વ્યક્તિ ઉપર પ્રભાવ પાડવા માટેનું કાર્ય ન હતું. આ કાર્ય કરવા પાછળ કોઈ જ સ્વાર્થ ન હતો. હતી તો એક માત્ર લાગણી, પ્રેમ અને સંબંધ નિભાવવાની ભાવના.

માનવીય સંબંધો બાંધવા માટે, વિકસાવવા માટે કે ટકાવી રાખવા માટે મોટાં કાર્યો કે મોટી હરકતોની કદાચ જરૂર નથી. નાનાં-નાનાં કાર્યો અને હરકતો જેમાં સાચી લાગણી અને પ્રેમભાવ વ્યકત થઈ શકે એ પણ પૂરતા જ છે. સંબંધોમાં મોટાં કાર્યો કરવાની તક તો ભાગ્યે જ મળતી હોય છે. પણ નાનાં-નાનાં કાર્યો કરવાની તકો વારંવાર મળતી હોય છે. ઘણી વાર આવી તકોને આપણે ઝડપી લેવી પડે. ક્યારેક આવી તકોને આપણે ઊભી કરવી પડે, આવી તકો જ્યારે સાંપડે ત્યારે તને જવા ના દઈને તેને ઝડપી લઈને સંબંધોને આપણે પ્રગાઢ બનાવી શકીએ. કુટુંબીજનો, મિત્રો, સ્નેહીઓ, સહકર્મચારીઓ, કે ક્યારેક અજાણ્યા લોકો માટે પણ નિ:સ્વાર્થ ભાવે કરેલાં નાનાં કાર્યો, કોઈ પણ અપેક્ષા વિના કરેલી નાની હરકતો - એ કરનાર વ્યક્તિને તો આનંદ અને સંતોષ આપે જ છે પણ જેના માટે આવું કાર્ય કર્યું હોય તેના જીવનની પણ ચિરંજીવ સ્મૃતિ બની જાય છે. પરિણામ સ્વરૂપે સંબંધો સો ટચના સોના જેવા બની જાય છે. આ પ્રકારનો સંબંધો જીવનભર ટકી પણ રહે છે. ચાલો, તકની રાહ ના જોઈએ, પણ આવી તકોને ઊભી કરીએ અને માનવીય સંબંધોને વધારે મજબૂત કરીએ, નિ:સ્વાર્થ સંબંધો નિભાવીએ અને સંબંધોથી મળતા અનર્ગલ આનંદને માણીએ.

